Jagran ૧૮ માર્ચ ૨૦૨૧, ગુરુવાર, મુંબઈ, કુલ ૩૨ પાનાં, ₹૬.૦૦ | ફોન: 6831 4800 | ફેક્સ: 2642 6812 | www.gujaratimidday.com

# મિડ-ડે

જૂના સોના-ચાંદીના દાગીના
શ્રેષ્ઠ ભાવે ખરીદ કરવામાં આવશે
૨૨ કેરેટ/૧૮ કેરેટ એક્સક્લુઝીવ હોલમાર્કડ
જ્વેલરી વ્યાજબી ભાવે મળશે
૯૯૫/૯૯૯ સોના/ચાંદીના કોઈન મળશે
દર મહીને રોકાણ કરો જ્વેલરી વગર મજૂરીએ મેળવો
H. M. SHAH
JEWELLER
THE NAME U TRUST
બોરીવલી (વે)
૧, જૈન એન્કલેવ, ચંદાવરકર માર્ગ, બોરીવલી (વેસ્ટ), ફોન: ૨૮૦૧૪૫૩૪/૨૮૦૯ ૪૫૩૪



**માનસ ધર્મ:** તિલક મેક-અપ નથી એવું પૂજ્ય મોરારીબાપુ શું કામ કહે છે? ▸▸ 20



**લાઇફ પ્લસ:** સેલ્ફ-ડ્રાઇવથી ૫૮ દેશો ખૂંદનાર પ્રવીણ મહેતાની રોમાંચક સફરને માણો ▸▸ 16



**જેડી કૉલિંગ:** ઍક્ટર-પ્રોડ્યુસર જેડી મજેઠિયાને વાંચો આજથી દર ગુરુવારે ▸▸ 20

# પબ્લિક પ્લેસિસ, નાઇટ લાઇફ લૉક

## હવે લોકલ ટ્રેનોની સર્વિસ પણ ઓછી થઈ શકે છે એવો સ્પષ્ટ સંકેત પણ સરકારે આપી દીધો છે

વિરલ શાહ
viral.shah@mid-day.com

**મુંબઈ :** મુંબઈ સહિત મહારાષ્ટ્રમાં કોરોનાએ આ વર્ષના અત્યાર સુધીના તમામ રેકૉર્ડ તોડી નાખતાં હવે રાજ્યની મહાવિકાસ આઘાડી સરકારે જુહુ, ચોપાટી, ગેટવે ઑફ ઇન્ડિયા, અક્સા, મઢ, માર્વે, નૅશનલ પાર્ક સહિતનાં મુંબઈનાં તમામ જાહેર સ્થળો તેમ જ પબ, ડિસ્કો જેવાં નાઇટ લાઇફનાં સ્થળો લોકો માટે બંધ કરી દેવાનું નક્કી કર્યું છે. એટલું જ નહીં, હવે તેઓ લોકલ ટ્રેનની સર્વિસ ઓછી કરવાનું પણ ગંભીરતાથી વિચારી રહ્યા છે.

આ બાબતે રાજ્યના ટેક્સટાઇલ, પોર્ટ અને મત્સ્ય ઉદ્યોગ ખાતાના પ્રધાન તથા મુંબઈ (શહેર)ના પાલક પ્રધાન અસલમ શેખે 'મિડ-ડે'ને કહ્યું હતું કે 'જે રીતે કોરોનાના આંકડા સામે આવી રહ્યા છે એ ચિંતાની બાબત છે. સરકાર હવે કડક માર્ગદર્શિકા લાવી રહી છે જેમાં જુહુ અને ચોપાટી સહિતનાં તમામ જાહેર સ્થળો તથા નાઇટ લાઇફ લોકો ▸▸ 06

**નાઇટ કરફ્યુ વિશે હજી અમે નથી વિચાર્યું. જો બીજો કોઈ પર્યાય નહીં બચે તો જ એને લગાવવાનો અમારો વિચાર છે.**

અસલમ શેખ, મુંબઈના પાલક પ્રધાન



જુહુ બીચ પર કોરોનાના ડર વિના ભેગી થયેલી મેદની. 📷 સતેજ શિંદે



કુર્લા ટર્મિનસ ખાતે ઍન્ટિજન ટેસ્ટ શરૂ કરવામાં આવી છે. 📷 સૈયદ સમીર આબેદી

# શું મુંબઈ ૧૫ જ દિવસમાં હાઈએસ્ટ ડેઈલી કેસના કાઉન્ટને પણ વટાવી જશે?

પ્રાજક્તા કસાળે
prajakta.kasale@mid-day.com

**મુંબઈ :** કોરોના ઇન્ફેક્શનના કેસ જે રીતે વધી રહ્યા છે એ જોતાં રોગચાળાની સેકન્ડ વેવ આવતાં બે-ત્રણ અઠવાડિયાંમાં વકરી જાય અને ફર્સ્ટ વેવ કરતાં વધુ આકરી બને એવી શક્યતા આરોગ્યક્ષેત્રના નિષ્ણાતો દર્શાવે છે. રોગચાળાના રોજિંદા કેસનો સૌથી મોટો ૨૮૪૮ દરદીઓનો આંકડો ગયા વર્ષની ૭ ઑક્ટોબરે નોંધાયો હતો. એક દિવસના દરદીઓનો એ આંકડો આવતા ૧૪ દિવસમાં પાર થઈ જાય એવી શક્યતા મુંબઈ મહાનગરપાલિકાના આરોગ્ય ખાતાના એક અધિકારીએ દર્શાવી હતી.

કોવિડ રોગચાળામાં દરદીઓની રોજની સરેરાશનો આંકડો ગયા ▸▸ 06

**2377**
મુંબઈમાં ગઈ કાલે કોરોનાના આટલા કેસ નોંધાયા હતા

**2848**
મુંબઈમાં ૭ ઑક્ટોબરે કોરોનાના આટલા કેસ નોંધાયા હતા

**હાલમાં સબર્બન ટ્રેનો સહિત બધું ખુલ્લું છે એટલે કેસની સંખ્યા ઝડપથી વધી રહી છે.**

સુરેશ કાકાણી, બીએમસીના ઍડિ. મ્યુનિ. કમિશનર

